<u>તાત્કાલિક/અગત્યનું</u>

ક્રમાંકઃધ/અનદ.૨/૨૦૧૨-૧૩/૧૪૬૭૩-૯૯
કમિશનરશ્રી, શાળાઓની કચેરી.,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.૧૬/૦૬/૨૦૧૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

**વિષયઃ-ધો-૯ થી ૧૨ના ક્રમિક/વધારાના વર્ગો તેમજ ધો-૧૧ અને ૧૨ના સળંગ એકમના વર્ગ વધારાની જાહેરાત તેમજ બહોળી પ્રસિદ્ધિ બાબત.**

**સંદર્ભઃ-માહિતી/૫૬૮/૧૨-૧૪, તા.૧૬/૬/૨૦૧૨ની સંદેશ દૈનિક વર્તમાનપત્ર, ફુલછાબ, કચ્છ મિત્રમાં વર્ગ વધારાની જાહેરાત.**

ઉપરોકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજયની સરકારી, બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ.મા.શાળાઓ માટે સંદર્ભમાં દર્શાવ્યા મુજબ જુન-૨૦૧૨થી ક્રમિક/વધારાના વર્ગો તેમજ ધો-૧૧ સળંગ એકમના વર્ગો માટે શાળાઓએ અરજી કરવા અંગે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ચાલુ સત્રમાં શાળાઓ વર્ગ વધારાની દરખાસ્ત સમયસર કરી શકે તે માટે આ સાથે સામેલ રાખેલ જાહેરાતને મોટા અક્ષરોમાં પુનઃટાઇપ કરાવી કચેરીના નોટિસ બોર્ડ ઉપર આજે જ પ્રસિદ્ધિ કરવાની રહેશે. તથા તમામ શાળાઓને આ બાબતની જાણ થાય તે માટે બહોળી પ્રસિદ્ધિ અર્થે તમામ શાળાના આચાર્યશ્રીઓને પરીપત્ર કરી આ બાબતની જાણ કરવાની રહેશે.

વિશેષમાં જણાવવાનું કે, વર્ગ વધારા અંગે ગત વર્ષનો દરખાસ્તનો નમુનો યથાવત છે. જે દરખાસ્ત કરનાર શાળાઓને આપની કક્ષાએથી વિનામુલ્યે પુરો પાડવાનો રહેશે. તથા સમય મર્યાદામાં આ કાર્યવાહી પૂર્ણ થાય તેની કાળજી લેવાની રહેશે.

વર્ગ વધારા મંજુર કરવાની પ્રક્રિયા ચાલુ છે તે દરમ્યાન  ધો-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને પ્રવેશમાં કોઇપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે અંગે ખાસ તકેદારી લેવાની રાખશો.

બીડાણઃ-ઉપર મુજબ

સહી/-
(ડૉ.વી.બી.ભેંસદડીયા)
સંયુકત શિક્ષણ નિયામક
૧૦+૨
ગુ.રા., ગાંધીનગર.

૩૫૯૦

જા.નં. એસ.ટ/બ્લ ૧/૨૦૧૨-૧૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જિલ્લા સેવાસદન ૮, 'બી' ત્રીજે માળ,
અઠવાલાઇન્સ ચોપાટીની બાજુમાં,
સુરત તા. ૧૭/૬/૨૦૧૨

નકલ રવાના

જાણ તથા આ સાથે શ્રી. ઇન્સ્પેક્ટર, શાળા ખાતેના કચેરી, ગાંધીનગરની જાહેરાત મુજબ આવેલ શાળામાં જૂન-૨૦૧૨ ના ફાજલ શિક્ષકોના તેમજ ધો.૧૧ સંખ્યા મંજૂરના બિનશિક્ષકો સંબંધી સમજાવટ કાર્યવાહી કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો, સુરત

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ ગ્રા. અનુદાનિત (ગુજરાત)
તથા ઉ.મા. શાળાઓ તરફ.

# જાહેરાત

## કમિશનર, શાળાઓની કચેરી, ગુ.રા. ગાંધીનગર

**રાજ્યની સરકારી/બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે ધોરણ-૯ થી ૧૨ના ક્રમિક/ વધારાના વર્ગો તથા ધોરણ-૧૧ સળંગ એકમના વર્ગ વધારા જૂન-૨૦૧૨થી શરૂ કરવા માટે અરજી કરવા બાબત.**

૧. જાહેરાત પ્રસિદ્ધ થયેથી અરજી ફોર્મનો નમૂનો સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાસેથી મેળવવાનો રહેશે.

૨. ધોરણ: ૯ થી ધોરણ : ૧૨ માટે અરજીપત્રકો મેળવવાની અને તેમાં વિગતો ભરી તેને લગતા દસ્તાવેજી પુરાવાઓ સાથે સંબંધિત જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં **તારીખ: ૧૫/૭/૨૦૧૨** સુધીમાં રજૂ કરવાના રહેશે.

**ધોરણ - ૧૧ સળંગ એકમ**

૩. શિક્ષણ વિભાગની હાલની જોગવાઇ મુજબ જૂન-૨૦૧૨માં માધ્યમિક વિભાગની સરકારી/ અનુદાનિત શાળા ચાલતી હોય અને જે સરકારી/ અનુદાનિત માધ્યમિક શાળામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગ નથી તેવી શાળાઓ પાસેથી સળંગ એકમના ફક્ત ધોરણ-૧૧ના ક્રમિક વર્ગ શરૂ કરવા માટેની અરજીઓ ઉપર્યુક્ત જણાવેલ સમયમર્યાદામાં કરવાની રહેશે.

૪. સમયમર્યાદા બહાર આવેલ અને બારોબાર મોકલાવેલ અરજીપત્રકો દફતરે કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર

તા. ૧૩/૬/૨૦૧૨

(ઇ. પી. દેસાઇ)
સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા. ગાંધીનગર.

માહિતી/૫૬૮/૧૨-૧૩